॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# શ્રી સ્વામિનારાયણ મંદિર
# વડતાલધામ



## વડતાલ માહાત્મ્ય

"વૃતપુર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ર કલ્પ ગાય ।
વૃષસુત તણી મુખ્ય ગાદી જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે ॥"

સુવર્ણ શિખરોથી શોભતુ મંદિર આજ જે ભૂમિ પર છે, તે જગ્યાએ બોરડીના વૃક્ષ નીચે દ્વાપરયુગમાં ભૃગુ ઋષિની પુત્રી શ્રી લક્ષ્મીજીએ તપશ્ચર્યા કરી હતી.

લક્ષ્મીજીના વિશુદ્ધ તપથી પ્રસન્ન થયેલા ભગવાન નારાયણે દિવ્ય સ્વરૂપે દર્શન દઈ વર માંગવાનું કહ્યું. ત્યારે લક્ષ્મીજીએ બે વરદાન માંગ્યા,

૧. સ્વયં ભગવાન મને પ્રિય પત્નિના રૂપમાં સ્વીકાર કરે.

૨. આ સ્થાન પર સદાય અમે સાથે રહિએ.

ભગવાન નારાયણે 'તથાસ્તુ' કહ્યું તેના ફળ સ્વરૂપે આજે આપણને શ્રી લક્ષ્મીનારાયણનું મંગળ સ્વરૂપ પ્રાપ્ત થયું.
ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રતિષ્ઠિત કરેલા આ પ્રતાપી દેવ ભક્તોની મનોકામના ચિંતામણીની જેમ પૂર્ણ કરે છે.
આજ વડતાલધામ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાનીના રૂપમાં પ્રસ્થાપિત થઈ ચુકી છે. આવો, ચંદ શબ્દો અને ચિત્રોના માધ્યમથી આ તીર્થભૂમિના દર્શન કરીએ.



વડતાલ પિઠાધીપતિ પ.પૂ.પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી
રાકેશપ્રસાદજી મહારાજશ્રી



આર્ષદ્રષ્ટા શતાનંદ મુનિએ શ્રીમદ્ સત્સંગિજીવનમાં એક મંત્ર આપ્યો, "वृत्तालये स भगवान् जयतीह साक्षात् " જે પરબ્રહ્મ પુરુષોત્તમ અક્ષરધામમાં છે,તે સ્વયં વરતાલધામમાં સાક્ષાત્ વિરાજમાન છે. આ વરતાલનું સર્વોત્કૃષ્ટ સૌભાગ્ય છે. સમસ્ત વિશ્વની આ પ્રથમ ઘટના કહેવાય. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના હસ્ત કમળથી પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરી અને પોતાના આશ્રિત જનોને એક ઉપાસ્ય સ્વરૂપ આપ્યું.

एकमेवाऽद्वितीयं ब्रह्म, एको ह वै नारायण आसीत, न तस्य कार्यं कारणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते, एको देवः सर्वभूतेषु, एको वशी सर्वभूतान्तरात्मा, योडक्षरमन्तरो यमयति यमक्षरं न वेद, सर्वे वेदाः यत्पदमानन्ति, मामेकं शरणं व्रज

ઈત્યાદિક શ્રુતિ-સ્મૃતિ પ્રતિપાદિત કેવળ એક માત્ર પરબ્રહ્મ જ ઉપાસના કરવા યોગ્ય છે.

અનંત કોટી અક્ષરમુક્ત જે એક સ્વરૂપની અનન્યભાવે ઉપાસના કરે છે, તે જ આ પ્રગટ શ્રી હરિકૃષ્ણ મહારાજ છે. વચનામૃતમાં શ્રીહરિ કૃપાવાક્ય બોલ્યા, 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.' ભગવાન શ્રીહરિએ નિજ સ્વરૂપનું સ્થાપન કરીને ઉપાસનાનો માર્ગ વિશુદ્ધ કર્યો.



શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ



શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણદેવ



શ્રી વાસુદેવ, શ્રી ધર્મભક્તિ



## શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને અતિ પ્રિય એવા અવતાર સ્વરૂપ શ્રી રાધાકૃષ્ણ દેવ મનોહર દર્શન આપીને ભક્તોના પાપ-તાપ-સંતાપને દૂર કરી સુખ-સમૃદ્ધિના આશિષ આપે છે. આ જ દક્ષિણ ખંડમાં

सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥

શ્રી હરિકૃષ્ણ મહારાજ બિરાજે છે.

આજ્ઞા અને ઉપાસનાની આ ભૂમિ પર પોતાના આશ્રિતોને ઉપાસના અર્થે સર્વાવતારી શ્રી હરિએ નિજ મૂર્તિનું સ્વહસ્તે સ્થાપન કર્યું. એક માત્ર પુરુષોત્તમ

## શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણદેવ

સાતપુરી, ચારધામથી અત્યધિક મહિમાવંતી વ્રતપુરી આજ તીર્થરાજ બની છે.

राजन्ते सर्वतीर्थानि यत्र च सर्वदेवताः ।
वन्देऽहं तीर्थराजं तत् धामवृत्तालयाभिधम् ॥

દ્વારિકા તીર્થથી શ્રી રણછોડરાયજી દિવ્ય સ્વરૂપે પધાર્યા તે સદાય અહિં નિવાસ કરીને રહ્યા છે. ભગવાન શ્રીહરિના વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત શ્રી લક્ષ્મીનારાયણદેવ ભક્તજનોની મનોકામના પૂર્ણ કરે છે. પ્રતિષ્ઠા અવસરે શ્રીહરિ બોલ્યા, વૈકુંઠમાં જે લક્ષ્મીનારાયણદેવ છે તે જ સ્વયં અહિં સાક્ષાત્ વિરાજમાન છે.

## શ્રી વાસુદેવ, શ્રી ધર્મભક્તિ

धर्मभक्तिवासुदेवं भक्तदोषनिवारकम् ।
वन्देऽहं दुःखहर्तारं विद्याशक्तियशःप्रदम् ॥

મંદિરના ઉત્તરખંડમાં ભગવાવન શ્રીહરિએ પિતા ધર્મદેવ તથા માતા ભક્તિદેવીની સ્થાપના કરીને જીવનમાં ધર્મ-ભક્તિની અનિવાર્યતાનો માર્ગ બતાવ્યો. ચરાચરમાં જેનો વાસ છે. એવા વાસુદેવ સ્વરૂપે સ્વયં શ્રીહરિ વિરાજમાન થયા ને બોધ આપ્યો, જ્યાં ધર્મ અને ભક્તિ છે ત્યાં હું પ્રગટ છું.

# શ્રી હરિમંડપમ્

શ્રીહરિના સીધા માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ હરિમંડપ વરતાલનું અક્ષરધામ છે. આ પવિત્ર સ્થાનનું એક આગવું આકર્ષણ ભક્તજનોના મનને ચુંબકની જેમ આકર્ષિત કરે છે. શ્રીહરિ અનેકવાર અહિં રોકાયા છે. અનેકાનેક લીલાઓ કરી છે.

સંપ્રદાયની આચાર સંહિતા શિક્ષાપત્રી શ્રીહરિએ આ હરિમંડપમાં લખી છે. શ્રીહરિના પ્રસાદીભૂત જળથી સ્નાન કરતા કોળીના છોકરાઓને મહારાજે ઈન્દ્ર પદવી આપી હતી. આ અક્ષરધામ તુલ્ય મંડપમાં બેસી શ્રીહરિનું ધ્યાન કરનારને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે.





निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

## અક્ષરભુવન

વડતાલ ગાદીના તૃતીય આચાર્ય પ્રવર શ્રી વિહારીલાલજી મહારાજે આ ભવ્ય એવં દિવ્ય અક્ષરભુવનનું નિર્માણ કરીને તીર્થધામની રોનક વધારી છે. શ્રીહરિએ ઉપયોગમાં લીધેલ વિવિધ પ્રસાદીભૂત દુર્લભ વસ્તુઓનું આ સંગ્રહ સ્થાન છે. બાર બારણાનો હિંડોળો, મહારાણી કુશળકુંવરબા એ અર્પણ કરેલ મુગટ, પ્રસાદીનો ગુટકો વગેરેનાં અહિં દર્શન થાય છે.



## પ્રસાદીના લીમડાવાળો ઓટો

આ છત્રીના સ્થાન પર લીમડાનું વૃક્ષ હતું. તે વૃક્ષની છાયામાં બેસીને શ્રીહરિએ વરતાલનું ૧૦,૧૧,૧૩,૧૫,૧૬ અને ૨૦ આટલા વચનામૃતો પ્રબોધ્યા હતા. તે નીમ વૃક્ષની એક ડાળી મીઠી હતી. અહી વડોદરાના શાસ્ત્રીને શ્રીહરિએ ચતુર્ભુજરૂપે દર્શન આપ્યા હતા.




## શ્રીનારાયણ મહોલ

શ્રીહરિ આ સ્થાનમાં રહ્યા છે. વળી મહારાજના મોટાભાઈ રામપ્રતાપજી આ મહોલમાં નિવાસ કરતા તેથી આ મહોલને 'રામપ્રતાપભાઈનો બંગલો' એવા નામથી પણ ઓળખય છે.



## ગાદીવાળો મેડો

આ સ્થાન આચાર્યશ્રીને રહેવા માટે હતું. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે આ ગાદી પર શ્રીહરિને બેસારી પૂજન કરેલું. ત્યારબાદ આ ગાદી પર શ્રીહરિએ રઘુવીરજીને બેસારી આચાર્ય પદ આપેલું. આ સ્થાન ગાદીવાળા મેડા તરીકે પ્રસિદ્ધ છે. મુખ્ય કાર્યાલયના ઉપરના ભાગે આવેલું છે.અહિં પ્રસાદીના ચરણાવિંદ વગેરે દર્શન થાય છે.



## પ્રદક્ષિણાની છત્રી

શ્રીહરિ નિત્ય મંદિરની પ્રદક્ષિણાઓ કરતા ત્યારે વિશ્રામ સારુ પ્રદક્ષિણા માર્ગમાં બેસતા. હાલ જ્યાં છત્રી છે.

## આચાર્ય સ્થાપના સ્થાન

સંપ્રદાય પરંપરાને દીર્ઘ કાળસુધી અક્ષુણ્ણ રાખવા માટે શ્રીહરિએ સનાતન વૈદિક પરંપરા અનુસાર આ સ્થાન પર આચાર્ય પદ પ્રદાન કર્યું. દેશ વિભાગ કરીને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદી પ.પૂ.ધ.ધૂ.આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તેમજ અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદી પ.પૂ.ધ.ધૂ.આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને આધ્યાત્મિક તેમજ ધાર્મિક કાર્યભારના વહન માટે અર્પણ કરી.

'બ્રાહ્મણો નિતરાં ગુરુ :' એ ન્યાયે બ્રાહ્મણ કુળ ને ધર્મકુળ એજ સનાતન વૈદિક પરંપરામાં ગુરુપદને યોગ્ય છે.



## સભામંડપ

પ.પૂ.સદ્.બ્રહ્મચારી પવિત્રાનંદજી તથા તત્કાલીન સંતો દ્વારા આ ઉત્તુંગ કાષ્ઠ કલાકૃતિ યુક્ત સભામંડપનું નિર્માણ થયું.

આ સભામંડપની પહોળાઈ પૂર્વ-પશ્ચિમ ૫૮ ફૂટ તથા લંબાઈ ઉત્તર - દક્ષિણ ૧૪૩ ફૂટ છે. આ સભામંડપને સંવત - ૧૯૨૫ માં પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી ભગવત્ પ્રસાદજી મહારાજના શુભ હસ્તે ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યો હતો.

## જ્ઞાનકૂપ

મંદિરના પાછળના ભાગનાં ચોકના મધ્યમાં જ્ઞાનકૂપ છે. શ્રીહરિને સ્નાન કરાવીને સંતો ભક્તોએ અનેકવાર પ્રસાદીનું જળ આ કુવામાં નાખેલું છે. આ સ્થળે શ્રીહરિએ ઘણીવાર જ્ઞાનોપદેશ આપ્યો હોવાથી આ કુવાનું નામ જ્ઞાનકૂપ પડેલ છે.

भक्तसङ्कटहर्तारं दास्यभक्तिविधायकम् ।
वन्देऽहं श्रीकपीन्द्रं तं हरिहस्तप्रतिष्ठितम् ॥



सर्वमङ्गलकर्तारं सर्वविघ्नविनाशकम् ।
वन्देऽहं गणनाथं च हरिहस्तप्रतिष्ठितम् ॥



## શ્રી ગણપતિજી - શ્રી હનુમાનજી

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પ્રસ્થાપિત કરેલા ગણપતિજી તથા ભીડભંજન શ્રી હનુમાનજી ભક્તોના વિઘ્ન તેમજ કષ્ટો દુર કરે છે.




## સંતોની ધર્મશાળા

અહી મહાસમર્થ સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્.શ્રી નિત્યાનંદ સ્વામી, સદ્.શ્રી મંજુકેશાનંદ સ્વામી, સદ્.શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી વિગેરે ૫૦૦ ઉપરાંત સંતોના આસન (નિવાસ) હતા. અહિ શ્રીહરિએ પરમહંસોને ૪૯૬ વાર પંક્તિમાં પીરસીને પ્રસાદ આપ્યો હતો. તે મહાપ્રસાદીભૂત ધર્મશાળા છે.

यज्जले तीर्थजातं तत् हरिणा पावनं कृतम् । वन्देऽहं गोमतीतीर्थं वृत्तालयपुरेस्थितम् ॥



**શમી પૂજનની છત્રી**

ભગવાન શ્રીહરિએ સંતો-ભક્તો સહિત આ સ્થાન પર સ્થિત શમીવૃક્ષનું પૂજન દશેરાના દિવસે કર્યું હતું.



**જળક્રીડાની છત્રી**

આ સ્થાન પર શ્રીહરિએ અને પરમહંસોએ અનેકવાર જળક્રીડા ની લીલા કરી છે.



**ગોમતી કાંઠે પ્રસાદની છત્રી**

આ પ્રસાદીભૂત સ્થાન પર શ્રીહરિએ વડતાલનાં ૧,૨,૫ આ ત્રણ વચનામૃતો પ્રબોધ્યા છે.



**પ્રસાદીની છત્રી**

આ સ્થાન પર શ્રીહરિએ વાનરોની પાસે માળા ફેરવાવી હતી. રામાવતારની લીલાની ઝાંખી કરાવી હતી.



## શ્રી ગોમતી તળાવ (ધારુ તળાવ)

શ્રીહરિના સંકલ્પથી સચ્ચિદાનંદ સ્વામી દ્વારિકાથી શ્રી રણછોડરાયજીને દિવ્ય સ્વરૂપે લઈ આવ્યા, તેમની સાથે ગોમતીજી વગેરે તીર્થ આવ્યા. શ્રીહરિએ ગોમતીજીને ધારુ તળાવમાં સ્થાન આપ્યું. સ્વયં શ્રીહરિ તેમજ તત્કાલીન સંતો-ભક્તોએ પરિશ્રમ કરી તળાવનો જીર્ણોદ્ધાર તેમજ વિસ્તરણ કર્યું. ભગવાન શ્રીહરિ તેમજ પરમહંસોએ અનેકવાર તીર્થ સરમાં સ્નાન - જળક્રીડા કરી છે. આથી આ સરોવર ગંગાતુલ્ય પવિત્ર છે. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે રાજુલાના પથ્થરોથી ગોમતી સરનો જીર્ણોદ્ધાર કરી સુશોભિત કર્યુ છે.





## બૂરજ

ધર્મશાળાના મેડા ઉપર મુખ્ય દ્વારની બાજુમાં એક ઉંચો કોઠો આવેલ છે. ત્યાં શ્રીહરિ સમૈયા ઉત્સવ વખતે બીરાજી સહુને દર્શન દેતા તથા કથાવાર્તા કરતા. આ સ્થાન બૂરજના નામથી ઓળખાય છે. સંપ્રદાયના તત્કાલીન મહાન સંત સદ્.શ્રી આધારાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃત સાગર નામના વિશાળ ગ્રંથની હિન્દી ભાષામાં રચના આ સ્થાન પર કરી છે. શ્રીહરિના લીલા ચરિત્રો તથા ઉપદેશ વચનોથી ભરપૂર આ ગ્રંથ અક્ષરભુવનમાં દર્શન માટે પધરાવેલ છે.

## જોબનપગીની મેડી

ડભાણના યજ્ઞ સમયે જોબનભાયાનો સંકલ્પ પૂર્ણ કરીને સ્વસ્વરૂપનો નિશ્ચય કરાવવા શ્રીહરિએ આ મેડીની બારીએ બેસીને દિવ્ય દર્શન આપ્યા હતા.







## વડેઉ માતાની ધર્મશાળા

શ્રીહરિએ આ ધર્મ શાળામાં પરમહંસો સાથે અનેકવાર ઉતારો કર્યો હતો તેમજ વડેવ માતાને રંગથી સ્નાન કરાવી પૂજા કરી હતી. તે પ્રસાદીની ધર્મશાળા તથા માતાજી.




## વાસણ સુથારનું ઘર

ખુબ જ નિષ્ઠાવાન ભક્તરાજ વાસણ સુથારે શ્રીહરિ તથા સંતોને રહેવા પોતાની કાષ્ઠની હેવલી મહારાજને અર્પણ કરી હતી. શ્રીહરિની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. હાલ આ દિવ્ય સ્થાનમાં સાંખ્યયોગી બહેનો નિવાસ કરીને ભજન કરે છે.







## જ્ઞાનબાગ

વૃંદાવન સમાન આ રળીયામણો જ્ઞાનબાગ શ્રીહરિને ખુબ જ પ્રિય હતો. અહી આંબાની ડાળે બાર બારણાનો હિંડોળો નિષ્કુળાનંદ સ્વામીએ બાંધીને શ્રીહરિને ઝુલાવ્યા હતા. શ્રીહરિએ બાર સ્વરૂપ ધારણ કરીને ભક્તોને દર્શન આપ્યા હતા. આ સ્થાનમાં મહારાજે ભવ્ય રંગોત્સવની લીલા કરી હતી. શ્રીહરિ ઘણી વાર અહી સભા કરતા ને જ્ઞાનોપદેશ આપતા તેથી આ સ્થાન જ્ઞાનબાગના નામથી ઓળખાય છે. અહિ દર્શન કરવાથી અંતરમાં શાંતિ અનુભવાય છે.







## શ્રી કેદારેશ્વર મહાદેવ

જ્ઞાનબાગની સમીપમાં આવેલું કેદારેશ્વર મહાદેવના મંદિરમાં શ્રીહરિ સંતો સહિત પધાર્યા હતા. નિજ હાથે મહાદેવનું પૂજન અભિષેક કર્યો હતો. તેથી અંહિ દર્શન કરે તેને કેદારનાથની યાત્રાનું ફળ મળે છે.



## શ્રી ઘેલા હનુમાનજી

વડતાલમાં પ્રવેશતા ડાબી બાજુ ઘેલા હનુમાનજીનું મંદિર આવેલું છે. વર્ણીવેશે શ્રીહરિ વરતાલ પધાર્યા ત્યારે અહિ રાત્રી વાસ કર્યો હતો. આ મૂર્તિ પર શ્રીહરિએ પોતાના બન્ને હસ્ત રાખીને મૂર્તિને પ્રસાદીભૂત કરી છે.





## ખોડીયાર માતાજી

સોનારકૂઈથી દક્ષિણમાં થોડે દૂર ખોડિયાર માતાનું મંદિર આવેલુ છે.

ઉતર્યા પ્રભુજી વડપાસ, જોયો માતાનો જૈને આવાસ. છાંટ્યો દેવીને રંગ તે કાળ, વળી છાંટ્યો વિશેષ ગુલાલ.

## અખૂટ અન્ન કોઠી તથા રાયણનું વૃક્ષ (બામરોલી)



વડતાલની બાજુમાં આવેલું બામરોલી ગામ, વડતાલની ઉત્તર બાજુ મહુડીયાપુરાથી આગળ આવેલું છે. તખાપગીનું બામરોલી તરીકે તે ઓળખાતું હતું. અહીં રાયણના વૃક્ષની ડાળીએ બાંધેલ હિંડોળે શ્રીહરિ ઝુલ્યા છે

શ્રીહરિના આશીર્વાદથી દુષ્કાળમાં આ કોઠીમાં રાખેલું અન્ન ક્યારેય ખુટતું નહોતું તે પ્રસાદીની કોઠી છે.





## તાડન તળાવ

ધર્મકુળ અને શ્રીહરિનો પ્રથમ મેળાપ અંહી થયો હતો તે પ્રસાદીભૂત સ્થાનપર દર્શનાર્થે ઓટો તથા છત્રી કરેલ છે.



## ગોપી તળાવ

સોનાર કૂઈથી ઉત્તરમાં આવેલ આ ગોપી તળાવમાં શ્રીહરિએ પરમહંસો સહિત ઘણીવાર સ્નાન કર્યુ છે તેથી આ તળાવ પ્રસાદીનું છે. જ્યાં વિશાળ છત્રી બનાવેલી છે.



## ધના તલાવડી

તાડન તળાવથી પશ્ચિમ બાજુ થોડે દુર ધના તલાવડી આવેલ છે.
અહી શ્રીહરિએ ઘણી વાર સ્નાન કર્યું છે.
તેમજ સંતો સાથે જમ્યા છે. આ તલાવડીનું બીજુ નામ ચંદન તલાવડી પણ છે.



## ગંગાજળીયો કુવો

સભા મંડપની પાછળના ભાગે
આવેલ આ કૂપમાં
શ્રીહરિના સંકલ્પથી ગંગાજી
મૂર્તિમાન પ્રગટ થયા હતા.
ત્યારથી આ કુવો ગંગાજળીયો
કુવા તરીકે ઓળખાય છે.



## સોનાર કૂઈ

જ્ઞાનબાગથી પૂર્વ દિશામાં ત્રણેક
કીલોમીટર દુર આ કુવો આવેલ છે.
શ્રીહરિએ અનેકવાર
આ કુવાનું જળપાન કર્યુ છે.



## સુંદર પગીનો કુવો

રેલ્વે સ્ટેશનથી ઉત્તર તરફ નજીકમા આ કુવો
આવેલ છે.
જે સુંદરપગીનો કુવો તરીકે ઓળખાય છે.
શ્રીહરિએ આ કુવાના થાળામાં બેસીને સ્નાન
કર્યું હતું. સંતોએ તે પ્રસાદી જળ આ કુવામાં
પધરાવીને તેને પ્રસાદીનો કર્યો છે.

आहारशुद्धौ सत्त्वशुद्धिः
सत्त्वशुद्धौ ध्रुवास्मृतिः....









## શ્રીહરિકૃષ્ણ યાત્રિક ભોજનાલય

શિક્ષાપત્રીના આદેશ અનુસાર ''ભગવાનનાં મંદિર પ્રત્યે આવેલ હરકોઈ અન્નાર્થીને અન્નદાન કરી યથા શક્તિ સંભાવના કરવી.'' આ આદેશને મૂર્ત સ્વરૂપ આપવા શ્રીહરિકૃષ્ણ યાત્રિક ભોજનાલયનું ભવ્ય નિર્માણ થયું. આજ અહીં દશ હજાર હરિભક્તો એક સાથે શાંતિપૂર્ણ પ્રભુપ્રસાદ લઈ શકે તેવી ઉત્તમ વ્યવસ્થા છે.



## અન્નક્ષેત્ર

'अतिथी देवो भव'





મંદિરમાં આવતા તમામ શ્રધ્ધાળુઓ તેમજ  યાત્રાર્થી માટે પ્રસાદની અહીં ઉત્તમ નિઃશુલ્ક વ્યવસ્થા છે.



## શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કૃત પાઠશાળા

प्रवर्तनीया सद्विद्या भुवि यत्सकृतं महत् ॥ (शिक्षा)

શ્રીહરિના આવા ઉદાત્ત આદેશને મૂર્તિમંત કરતી શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કૃત પાઠશાળા આજે પ્રાચ્ય તેમજ આધુનિક વિદ્યાનું સંવહન કરી રહી છે. વેદ,વેદાન્ત, વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, તેમજ સાંપ્રદાયિક ગ્રંથોનું અંહિ અધ્યયન અધ્યાપન થઈ રહ્યું છે. વરતાલ દેશના સંતો તેમજ બ્રહ્મ બટુઓ આ પાઠશાળાથી લાભાન્વિત થઈ રહ્યા છે.



શ્રીહરિકૃષ્ણ યાત્રિક ભુવન

તીર્થયાત્રા, તીર્થવાસ, તીર્થસેવન ભારતીય વૈદિક સંસ્કૃતિનું એક મહત્ત્વનું અંગ છે. વરતાલ ધામમાં વિવિધ સ્થળે એક હજાર નિવાસ ખંડ આધુનિક સુવિધાઓથી યુક્ત છે.



## શ્રી લક્ષ્મીનારાયણદેવ ગૌ શાળા

હાલમાં જ્યાં ગૌશાળા છે ત્યાં શ્રીહરિની આજ્ઞાથી બાગ બનાવવામાં આવ્યો હતો. જે નારાયણ બાગ તરીકે ઓળખાતો. અહીં મહારાજ ઘણીવાર થાળ જમ્યા છે.

'ગાવો વિશ્વસ્ય માતરઃ ।' ગાય એ વિશ્વમાતા છે. સુપ્રસિદ્ધ આ વાક્ય ગાયોનું સ્થાન અને એમનું મહત્ત્વ શું છે તેની ઓળખ આપણને આપે છે. ભારતીય સનાતન હિન્દુ સંસ્કૃતિના આધાર સમા આ ગોધનને સ્વયં ગોવર્ધનનાથે સંપોષણ આપ્યું છે. એ જ દિવ્ય પરંપરાનું જતન સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા વિશાળ પાયા પર થઈ રહ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવ હિતાવહનો સંદેશ વડતાલ સ્વામિનારાયણ મંદિરમાં ચરિતાર્થ થઈ રહ્યો છે. જેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે, 'શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગૌશાળા વડતાલધામ.''



गावो विश्वस्य मातरः

દરિદ્રનારાયણની સેવાથી પ્રસન્ન થાઓ આ સઘળો સંસાર...

આરોગ્યતીર્થ




## વિનામૂલ્યે સેવા આપતી શ્રી સ્વામિનારાયણ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ

આજના યુગમા આપણા સૌનો લગાવ વડતાલધામ સાથે એમજ નથી. આપણી આસ્થાથી પણ વધારે આધ્યાત્મિક ઉર્જા વડતાલમા છે. આપણને જાણીને આશ્ચર્ય થશે કે વડતાલ સંસ્થાન દ્વારા નિઃશુલ્ક હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે.

લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદથી એવં પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી વિગેરે વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડના સભ્યશ્રીઓ તથા મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સદ્. શાસ્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી અને સમસ્ત સંતો ભક્તોના પ્રશસ્ત પ્રયાસના પ્રભાવથી પ્રતિદિન ૪૦૦થી પણ વધુ રોગાતુરો સેવા પ્રાપ્ત કરે છે.

વડતાલ સંસ્થાન દ્વારા ચાલુ થયેલ આ આરોગ્ય યજ્ઞ આપણા સૌની તંદુરસ્તી માટે આશીર્વાદ સ્વરૂપ છે. જો તમે વડતાલ દર્શન માટે આવો છો તો આ આરોગ્યતીર્થ હોસ્પિટલની મુલાકાત જરૂરથી લેશો.



વૈષ્ણવજન તો તેને રે કહિયે, જે પીર પરાઈ જાણે રે...



## મહાપૂજા

અ.મુ.સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામીના આસને ભક્તજનોનાં આલોક -પરલોક સંબંધી મનોરથ પૂરા થાય તેવા હેતુથી અ.મુ.સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા પ્રવર્તીત મહાપૂજા નિત્ય અહીં થાય છે.

## જલ અભિયાન

“જળ એ જીવન છે.”
એ ન્યાયે જીવ-પ્રાણી માત્રના પોષણ - રક્ષણાર્થે જળ સંરક્ષણનાં કાર્ય દ્વારા વડતાલધામનું રાષ્ટ્રસેવામાં અનોખું યોગદાન.





## અખંડધૂન ભુવન

મંદિરની દિવ્યતામાં વધારો કરતું વધુ એક સોપાન એટલે ઈ.સ. ૨૦૦૬થી અસ્ખલિતપણે ગુંજતી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડધૂન.

ધન્ય ધન્ય વડતાલની વસુધા !!!
જ્યાં સ્વામિનારાયણ મહામંત્રનો જયઘોષ ગંગા પ્રવાહની જેમ અખંડ અવિરત વહી રહ્યો છે.

સ્વચ્છ ભારત

સ્વસ્થ ભારત

શ્રેષ્ઠ ભારત

## સ્વચ્છતા અભિયાન

## સ્વચ્છતા ત્યાં પ્રભુતા...







જ્યાં જ્યાં ગંદકી, ત્યાં ત્યાં માંદગી.

કચરો કચરાપેટીમાં જ નાંખો.

## વૃક્ષારોપણ અભિયાન



કુદરતી સંપદા એ ઈશ્વરની સૌથી મોટી ભેટ છે. આમાં ત્રૂટી આવતા માનવજીવન અસ્ત-વ્યસ્ત થઈ જતું હોય છે. માટે આ સંપદાની જાળવણી - સાચવણી કરવી એ આપણી સહુની ફરજ છે. આ હેતુથી સંસ્થા દ્વારા સ્વચ્છતા અભિયાન, વૃક્ષોરોપણ એવં પક્ષીઓના સંરક્ષણ માટે કુંડા-માળાઓનું પ્રત્યેક વર્ષે વિતરણ કરવામાં આવે છે.



## ઉનાળામાં પક્ષીઓ માટે કુંડા વિતરણ, માળા વિતરણ





## નિઃશુલ્ક ચોપડા વિતરણ



'..... અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીન જનને વિશે દયાવાન થવું.' (શિક્ષાપત્રી ૮૩) શ્રીજી મહારાજની આ આજ્ઞાનુસાર વડતાલધામ મંદિર દ્વારા પ્રત્યેક વર્ષે 'જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓ તથા ગરીબોને નિઃશુલ્ક ચોપડા વિતરણ કરવામાં આવે છે.'

## ધાબળા વિતરણ



'શિયાળાની કાતીલ ઠંડીમાં રોડ-રસ્તા તેમજ ફૂટ-પાથ પર ઠુઠવાતા દિન જનોને ધાબળા ઓઢાડીને વડતાલધામની હુંફ સહુકોઈ ને સ્પર્શી જાય તેવી છે.'





## ચંપલ વિતરણ

'ઉનાળાનાં ધોમધખતા તાપથી સંતપ્ત જમીન પર ખુલ્લા પગે ચાલતા દીનજનોને ચંપલ-સ્લીપરનું વિતરણ કરી વડતાલધામ સામાજીક સેવાઓના સોપાનથી ગૌરવ અનુભવે છે.'

## ફૂટ વિતરણ

'ચાલી રહેલા આ મોંઘવારીના સમયમાં ગરીબ જનોને ભાગ્યે જ ફ્રુટ મળતુ હશે. આવા સમયે આ સંસ્થા દ્વારા કેરીનો ભવ્ય અન્નકૂટ દેવોને ધરાવી એ પ્રસાદીભૂત દીનજનો સુધી પહોંચાડવામાં આવે છે.









## મેડિકલ કેમ્પ

મોત સાથે લડી રહેલા પીડીતજનો માટે આ સંસ્થા દ્વારા બ્લડ ડોનેશન જેવા અનેક આરોગ્ય કેમ્પોનુ પણ

## પૂરરાહત સેવા

અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો.....



કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય....












## ભૂકંપ રાહત સેવા

'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો; કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળા થાય; અન્ન ધન વસ્ત્ર રે; આપીને દુઃખ ટાળે; કરુણા દ્રષ્ટિ રે,' શ્રીજી મહારાજનાં આવા સ્વભાવને લક્ષમાં રાખી વડતાલધામ દ્વારા પુર, ભુકંપ વગેરે કુદરતી આફતોમાં દીન જનોને અન્ન, ધન, વસ્ત્રની સહાય કરવામાં આવે છે.




# વડતાલધામમાં નવનિર્મિત બસ સ્ટેશન



## योगक्षेमं वहाम्यहम्....

તા.૨૩/૧૧/૨૦૧૮ના રોજ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં બસ સ્ટેશનનું લોકાર્પણ કરતા મા.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, મા.શ્રી ઈશ્વરસિંહ પટેલ - મંત્રીશ્રી વા.વ્ય., મા.પંકજભાઈ દેસાઈ - મુખ્ય દંડકશ્રી ગુજરાત વિધાનસભા

## શ્રી બ્રહ્માનંદ પ્રવેશદ્વાર

વડતાલધામ જ્યારે વિકાસનાં પંથે આગળ વધી રહ્યું છે ત્યારે બહારનાં મુખ્ય પ્રવેશ દ્વારની બાજુમાં જ ''બ્રહ્માનંદ સ્વામી પ્રવેશદ્વાર''નું નિર્માણ થયું છે.

## શ્રીહરિ મંડપ જીર્ણોદ્ધાર અનાવરણ










## અંડરગ્રાઉન્ડ ટનલ

ઉત્સવ-સમૈયા દરમ્યાન ભક્તજનોની ભીડ તેમજ વર્ષાના સમયમાં ઠાકોરજીનો થાળ લઈ જવા માટે ઠાકોરજીના રસોડાથી સીધાં જ દેવાલય સુધી થાળ લઈ જઈ શકાય એવી સુવિધા યુક્ત અન્ડરગ્રાઉન્ડ ટનલ.

## જ્ઞાનકુપ જીર્ણોદ્ધાર

પ્રાસાદીક સ્થાનોની યથાવત જાળવણી થાય એ હેતુથી શ્રીહરિ મંડપ તથા જ્ઞાનકૂપના ના જીર્ણોદ્ધારથી વડતાલધામની શોભા મનોહર બની.

**સમુદ્રને સામે પાર, વડતાલધામના સત્સંગી ભક્તોએ રચ્યો આત્મિયભાવનો અનેરો સેતુ.**






આફ્રિકા



યુ.કે.



મેલબોર્ન-ઓસ્ટ્રેલિયા

મંદિર ઉપાસનાનું કેન્દ્ર છે. મંદિરના નિર્માણ, પોપણ અને સંરક્ષણ માટે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ રાકેશપ્રસાદજી મહારાજ એવં વડિલ સંતો અવિરત પણે દેશ-વિદેશમાં ઘર ઘર પ્રતિ વિચરણ કરે છે. પરિણામ સ્વરૂપે દેશ-વિદેશમાં વડતાલ સંસ્થાન દ્વારા નૂતન મંદિર નિર્માણ તેમજ પ્રતિષ્ઠાઓ સમ્પન્ન કરવામાં આવી રહી છે. સિડની, મેલબોર્ન, બ્રિસબેન (ઑસ્ટ્રેલિયા), યુ.કે. તથા આફ્રિકા વગેરે દેશોમાં નૂતન મંદિરની પ્રતિષ્ઠા તેમજ જમીન સંપાદન થતાં વિદેશમાં વસતા ભક્તોનો વડતાલધામ સાથે એક આધ્યાત્મિકતાનો સેતુ બંધાયો.

## वडतालधाम के प्रति विभावनाओ के साथ जुडे आध्यात्मिक नेतृत्व कर रहे भिन्न भिन्न संस्थानो के आचार्यगण



















एकं सत् विप्राः
बहुधा वदन्ति...

एक ही मूल से परिपुष्ट हो रही सनातन
धर्म की बहुविध शाखाओ का
एक रोमहर्षण मंगलमय स्नेह मिलन

# वडतालधाम के मूल्यो एवं सेवाकार्यो से प्रभावित होकर सहर्ष पधारे राजद्वारी महानुभाव













## તિવ્યાંગ-વિકલાંગની દેવં

મનુષ્યનો જન્મ મળવો દુર્લભ છે. એથી વિશેષ ખંડ-ખાપણ વિનાનું સુષ્ઠ શરીર મળવું એ તો એથી વિશેષ ઈશ્વર દ્વારા નિર્મિત આવા દિવ્યાંગજનોને સંસ્થા દ્વારા અન્ન, ધન, વસ્ત્રાદિકથી સેવા કરવામાં આવે છે.





## ઈ-રીક્ષાની સેવા

અહી દર્શનાર્થે આવેલા વિકલાંગજનો પ્રસાદિક સ્થાનોનાં દર્શન ઈચ્છતા હોય તો એ માટે ઈ-રીક્ષાની સેવા ઉપલબ્ધ છે.



# શ્રી સ્વંમિનંરંયણ માતિર વડસંલધંમ દ્વંરં દંહિત્ય પ્રકંશન







## Join Our Social Media & Get Latest Update

- YOU TUBE @vadtalmandir
- FACEBOOK @vadtalmandir
- WHATSAPP 99090 15500
- www.vadtalmandir.org
- vadtaldhamvikas@gmail.com
- INSTAGRAM @vadtalmandir
- TWITTER @vadtalmandir

## ગુજરાતી માસિક/ અંગ્રેજી ત્રિમાસિક/ હિન્દી ત્રિમાસિક

શ્રી સ્વામિનારાયણ મંદિર
વડતાલધામ બુક એપ



## DOWNLOAD APP & STAY CONNECTED

- Vadtaldham Books
- DALIY DARSHAN
- E-MUSEUM
- VIDEO DARSHAN
- PHOTO GALLERY
- UPCOMING MAHOTSAV
- MANDIR PARISAR
- E-MAGAZINE
- E-LIBRARY



**AVALIBLE ON**

Get it on Google play | Available on the App Store

| | | | | | |
|---|---|---|---|---|---|
| Vadtaldham Books-Android | Vadtaldham Books-ios | Vadtal Dham Nirnay-Android | Vadtal Dham Nirnay-iOS | Daily Darshan - android | Daily Darshan for iOS |

આપ સહુ દ્વારા દાનમાં મળતી તમામ રકમ દેવ, મંદિર, આચાર્ય, સંતો, યાત્રાળુઓ માટે તથા આરોગ્ય અને જરૂરીયાતમંદ જનોની સેવામાં વાપરવામાં આવે છે.




- આ મંદિર સંપ્રદાયનું વર્તમાન જ નહિ; ભૂત અને ભવિષ્ય પણ બતાવે છે.
- અહિ આધ્યાત્મિકતાની સાથે સાથે સાહિત્ય, સંગીત, કલા, સ્થાપત્ય અને ઈતિહાસ જેવા પાસાઓનુ પોષણ સંવર્ધન થતું, થઈ રહ્યું છે અને થતું રહેશે.
- આ બસો વર્ષથી સંપ્રદાયનું નાભિકેન્દ્ર છે. શિક્ષાપત્રીના લેખન, આચાર્યપદ સ્થાપના જેવા ઐતિહાસિક કાર્યોની સાક્ષી આ વડતાલભૂમિ છે.